Leicestershire
**Police**
Protecting our communities

# ઘરેલું દુર્વ્યવહાર - COVID-19 મહામારી દરમિયાન મદદ ક્યાંથી મેળવવી

અમે જાણીએ છીએ કે ઘરેલું દુર્વ્યવહારનો સામનો કરી રહેલી મહિલાઓ, બાળકો અને પુરુષોના ઘરેલું જીવન પર COVID-19 (કોરોનાવાઇરસ) થી ગંભીર પ્રભાવ પડ્યો હશે. નોકરીઓ, નાણાંકીય ખેંચ, શાળા બંધ થવી, ઘરેથી કામ કરવું અને આપણા રોજિંદા જીવનમાં અન્ય તમામ વર્તમાન ફેરફારો ઘરેલું દુર્વ્યવહારની ઘટનાઓમાં વધારો થવામાં પરિણમે તેવી શક્યતા રહેલી છે.

જો તમે પહેલેથી ઘરેલું દુર્વ્યવહાર સાથે જીવી રહ્યા હો, તો પછી સરકાર દ્વારા વાયરસના ફેલાવાને ધીમો કરવાનો પ્રયત્ન થઇ રહ્યો છે ત્યારે અમલી પ્રતિબંધોએ તમને કદાચ ઘરમાં તમારો દુરૂપયોગ કરનાર સાથે એકલા રહેવાના ભયમાં મૂક્યા હોય અને જાણે કે મદદ મેળવવા કોઈ જગ્યા ના હોય તેવું બની શકે. તમને સામાન્ય રીતે ટેકો આપનાર મિત્રો અને કુટુંબીજનોને તમે ના મળી શકો, અને તમે મદદ કે સારવાર માટે જતા હો તેમાંની કેટલીક જગ્યાઓ બંધ હોય અથવા ઓછી સેવા આપી રહી હોય તેવું બની શકે. જો તમે અથવા અન્ય કોઈ જોખમમાં હોય તો કૃપા કરી યાદ રાખશો કે તમે **999** નંબર પર હજુ પણ કૉલ કરી શકો છો.

કેટલીક ઘરેલું દુર્વ્યવહાર સહાયતા સેવાઓ આ સમયે સામસામે મીટિંગ્સ આપી શકતી નથી, ઓનલાઇન અને ફોન પર મદદ અને સલાહ હજુ પણ ઉપલબ્ધ છે.

આ સ્થાનિક અને રાષ્ટ્રીય સંસ્થાઓ હજુ પણ તમને સહાય કરી શકતી હોવાની ખાતરી કરવા સખત મહેનત કરી રહી છે:

## United Against Violence and Abuse (UAVA)

લેસ્ટર, લેસ્ટરશર અને રુટલેન્ડમાં ઘરેલું અને જાતીય શોષણ માટે સેવા

**0808 802 0028**

**www.uava.org.uk**

## National Domestic Abuse Helpline

ઘરેલું દુર્વ્યવહાર, જાતીય હિંસા, સ્ત્રી જનન અંગછેદન, બળજબરીથી લગ્ન, સન્માન આધારિત હિંસા અને મનુષ્યની ગેરકાયદેસર હેરાફેરી / ગુલામી માટે સહાયતા.

**0808 2000 247 (ફ્રી-ફોન 24 કલાક)**

**www.refuge.org.uk**

જો તમે એક બાળક કે જુવાન વ્યક્તિ હો અને ઘરેલું દુર્વ્યવહાર તમારા ઘરમાં અથવા સંબંધમાં થઈ રહ્યો હોય, તો **Childline** ને **0800 1111** નંબર પર કૉલ કરો.

